# મુક્તેશ્વર મઠ સ્થિત સાધ્વીના ટ્રસ્ટ સામે પણ તપાસનો ધમધમાટ

બંને ટ્રસ્ટમાં વ્યાપક અનિયમિતતા જણાઈ આવતા વહીવટદારની કરાઈ નિમણુંક : ઓડિટ કે હિસાબો રજૂ ન થયા હોવાની રાવ:સરકારે લીધો કબ્જો.

મુક્તેશ્વર ગૌ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ અને મુક્તેશ્વર મહાદેવ ટ્રસ્ટમાં ગંભીર બેદરકારીઓ સામે આવી છે. રાજ્યના ચેરિટી કમિશનરના હુકમને પગલે બનાસકાંઠાના મદદનિશ મદદથી એક ઈન્સ્પેકટરની નિમણૂક કરી તમામ વહીવટ પર નજર રખાશે. ચુસ્ત પોલિસ બંદોબસ્ત વચ્ચે ચેરિટી કમિશનરે ટ્રસ્ટનો કબ્જો લઈ મઠના સાધનો સહીત મિલ્કત



વિવાદોની પર્યાય બનેલી સાધ્વીની ગુનાખોરીનો ગ્રાફ વધતો જ જાય છે. ત્યારે સાધ્વી જયશ્રીગીરી સંચાલિત ૨ ટ્રસ્ટ પણ કાયદાની સકંજામાં આવ્યા છે. ટ્રસ્ટમાં વ્યાપક બેદરકારીઓ સામે આવતા બનાસકાંઠાના મદદનીશ ચેરિટી કમિશનરે ટ્રસ્ટનો કબ્જો લઈ તપાસનો ધમધમાટ શરૂ કરતા ચકચાર મચી જવા પામી છે.

બનાસકાંઠા જિલ્લામાં સાધ્વી વિરૂધ્ધ અડધો ડઝનથી વધુ ફરિયાદો નોંધાઈ ચુકી છે. ત્યારે સાધ્વી જયશ્રીગીરીએ મુક્તેશ્વર મઠના બન્ને ટ્રસ્ટ પર જમાવેલા કબ્જાને લઈને પણ તપાસનો ધમધમાટ શરૂ થયો છે. જેમાં ચેરિટી કમિશનર નવનીતચંદ્ર પાટડીયાએ આ બન્ને ટ્રસ્ટની તપાસ ચાલુ કરી છે. આજ દિન સુધી આ બંને ટ્રસ્ટોનો કોઈ હિસાબ રજૂ કરાયો નથી. જ્યારે મુક્તેશ્વર મહાદેવ મંદિરના બંને ટ્રસ્ટોનું આજ દિન સુધી ઓડિટ પણ કરાવાયું નથી. આ અંગે ટ્રસ્ટના ટ્રસ્ટીઓને શો-કોઝ નોટિસ ફટકારવામાં આવી હોવાનું મદદનીશ ચેરિટી કમિશનર પાટડીયાએ જણાવ્યું હતું.

જયારે આ ટ્રસ્ટ હેઠળ નોંધાયેલા બેન્ક ખાતા સીઝ કરવામાં આવ્યા છે. ચેરિટી કમિશનરની રજા વગર ટ્રસ્ટીઓ ખાતાં ઓપરેટ કરી શકશે નહીં. સ્થાનિક પ્રશાશનની અને ડેડ સ્ટોકનું પંચનામું કરી કબ્જો લીધો હતો. જોકે, સાધ્વીના ખોફથી ભયભીત લોકોએ સરકારે ટ્રસ્ટનો કબ્જો લેવાના નિર્ણયને સરાહનીય ગણાવ્યો હતો. હવે ટ્રસ્ટ સરકાર હસ્તગત થતા લોકો નિર્ભય બની મુક્તેશ્વર ધામની મુલાકાત લેશે. જેના કારણે મુક્તેશ્વર ધામનો વિકાસ થશે તેવો આશાવાદ સ્થાનિક રહીશોએ વ્યક્ત કર્યો હતો.

આમ,હવે સાધ્વી જયશ્રીગિરી પર કાયદા બાદ સરકાર નો ગાળિયો કસાયો છે. ત્યારે સાધ્વીનો ગુના ખોરી ઈતિહાસ કેટલો લંબાય છે. તેના પર સૌની મીટ મંડાઈ છે.

# મોડાસામાં ઠંડા પવનના પગલે શહેરીજનો ઠંડીમાં ઠુંઠવાયા

મોડાસા, તા. ૧૦

શિયાળાની વિદાયની ઘડીઓ ગણાતી હોય તેવો માહોલ સર્જાયા બાદ મોડાસા શહેર સહિત જિલ્લામાં સતત ત્રણ દિવસથી ફૂંકાતા ઠંડા પવનના કારણે હિલ સ્ટેશન જેવો માહોલ સર્જાતા મોડાસાવાસીઓ ઠંડીમાં ઠુંઠવાયા હતા. સાંજના સુમારે વિના કારણે ઘરની બહાર નીકળવાનુ ટાળી રહ્યા છે. અને ફરીવાર શહેરીજનોએ સ્વેટર અને શાલમાં ઢબુરાવુ પડ્યુ હતુ. શુક્રવારે ઠંડા પવનોની ઝડપ તેજ થતા શહેરના મુખ્યમાર્ગો પર ધૂળની ડમરીઓ ઉડતા વાહનચાલકો તોબા પોકારી ઉઠ્યા હતા.

સપ્તાહ પહેલા મોડાસા શહેર સહિત જિલ્લાના તમામ વિસ્તારોમાં તાપમાનનો પારો ઉંચો જતા શિયાળો બિલ્લી પગે વિદાય લેતો હોય તેવુ વાતાવરણ સર્જાયુ હતુ. દિવસે ગરમી અને રાતે તેમજ વહેલી સવારે ઠંડીનો માહોલ રહેતા બે ઋતુનો અનુભવ



મોડાસાવાસીઓએ કર્યો હતો. ત્યારબાદ વાતાવરણમાં એકાએક પલટો આવતા અને વાતાવરણ વાદળછાયુ રહેતા રાજ્યમાં કેટલાક સ્થળોએ માવઠુ પણ થતા અને અપર એર સરક્યુલેશન સીસ્ટમના પગલે જિલ્લાના વાતાવરણમાં ભારે પલટો આવતા ત્રણ-ચાર દિવસથી મોડાસા શહેર સહિત જિલ્લામાં ઠંડા પવનો ફૂંકાવાનું શરૂ થતા અને શુક્રવારે પણ ઠંડા પવનો યથાવત રહેતા શહેરીજનો સહિત જિલ્લાવાસીઓ ઠંડીમાં ઠુંઠવાયા હતા અને આવી ઠંડી આખો દિવસ રહેતા જિલ્લાના અનેક વિસ્તારોમાં હિલ સ્ટેશન જેવો માહોલ સર્જાયો હતો. મોડાસા શહેરના અનેક વિસ્તારોમાં નગરજનો ઠંડીથી રક્ષણ મેળવવા તાપણા સહિત સ્વેટર અને શાલનો સહારો લઈ રાહત અનુભવી હતી. શહેરીજનોએ ઠંડીની વિદાયની ઘડીઓ ગણાઈ રહી હતી અને તાપમાનનો પારો ઉંચકાતા ઠંડા વસ્ત્રો કબાટમાં મુકી દીધેલા એકાએક ઠંડી વધતા પહેરવા પડ્યા હતા. શુક્રવારે વાતાવરણ સ્વચ્છ હતુ પરંતુ ધીમી ગતિએ ઠંડા પવનો ફૂંકાતા ઠંડીનો પ્રકોપ યથાવત રહેવાની સાથે મુખ્ય માર્ગો પર ધૂળની ડમરીઓ ઉડતા વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા.

# ઉન્ડવા મુકામે પંચાલ સમાજ દ્વારા વિશ્વકર્મા જયંતિની ઉજવણી

અરવલ્લી, તા. ૧૦

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ઉન્ડવા ખાતે ગુરૂવારના રોજ પંચાલ સમાજ દ્વારા ભગવાન વિશ્વકર્મા જયંતિની ઉજવણી વિશ્વકર્મા મંદિર ઉન્ડવા ખાતે ધામધૂમપૂર્વક ઉજવવામાં આવી હતી.

ઉન્ડવા મુકામે ગુરૂવારના રોજ વિશ્વકર્મા જયંતિ નિમિત્તે શોભાયાત્રા કાઢી પૂજા-અર્ચના કરવામાં આવી હતી અને આ જયંતિના કાર્યક્રમમાં પંચાલ સમાજના તેજસ્વી તારલાઓને ભણતરમાં પ્રોત્સાહિત કરવા માટે સન્માનિત કરવામાં આવ્યા હતા.




બનાસકાંઠા જિલ્લાના ભાભર તાલુકાના ખારા અને વાવ તાલુકાના માડકા ખાતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા શહેરી વિકાસ રાજયમંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મંત્રીશ્રીએ પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યું હતું કે પારદર્શક, નિર્ણાયક, સંવેદનશીલ અને પ્રગતિશીલ અભિગમના પ્રણેતા આપણા લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ લોકકલ્યાણ માટે સંખ્યાબંધ મહત્વના નિર્ણયો લઈને રાજયની વિકાસકૂચને વેગવંતી બનાવી છે. તેમણે કહ્યું કે પ્રજાની વ્યક્તિલક્ષી રજુઆતોનો સ્થળ ઉપર જ ઉકેલ લાવવા સેવા સેતુ કાર્યક્રમ યોજવામાં આવે છે. તેમણે જણાવ્યું કે સેવા સેતુના કાર્યક્રમ થકી લોકોને ઘર આંગણે સુવિધાઓ પુરી પાડવાનો રાજય સરકારે યજ્ઞ આદર્યો છે. મંત્રીશ્રીએ કહ્યું કે લોકોને પોતાના ગામમાં જ તમામ સુવિધાઓ પ્રાપ્ત થવાથી લોક સેવાની કલ્પના સાચા અર્થમાં સાકાર થઈ રહી છે.

# ખેડબ્રહ્માામાં એસઓજીએ નાસતો ફરતો આરોપી ઝડપી પાડ્યો

ખેડબ્રહ્મા, તા. ૧૦

ખેડબ્રહ્મામાં ગુરૂવારે સાબરકાંઠા એસઓજી દ્વારા એક વર્ષથી નાસતા ફરતા આરોપીને ઝડપી પાડ્યો હતો.



ખેડબ્રહ્મા ખાતે રહેતા બકીબેન મોતીભાઈ થૂરીએ ગત ૧૧-૩-૧૬ના રોજ ખેડબ્રહ્માના અજયકુમાર મફતલાલ વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. જે અંતર્ગત ખેડબ્રહ્મા પોલીસે ૩૨૩, ૫૦૪, ૧૧૪ અને જીપી એક્ટ ૧૩૫ મુજબ ગુન્હો નોંધ્યો હતો. ત્યારથી આરોપી નાસતો ફરતો હતો. તે અંતર્ગત સાબરકાંઠા એસઓજીની ટીમ નાસતા ફરતા આરોપીઓને પકડવા સખત પેટ્રોલીંગ કરી રહી હતી. ત્યારે એસઓજી ઈન્સ્પેક્ટર વી.આર. ચાવડા, પી.એસ.આઈ. એસ.એન. પરમારને બાતમી મળી હતી કે ખેડબ્રહ્મા ગુ.ર.નં. ૩૦૩૧/૧૬માં નાસતો ફરતો આરોપી અજય મફતલાલ દેવી પૂજક ખેડબ્રહ્મામાં હોઈ તેને બસ સ્ટેશનમાંથી પકડી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ખેડબ્રહ્મામાં વિશ્વકર્મા જન્મ જયંતિ તથા પાટોત્સવ ઉજવાયો

ખેડબ્રહ્મા, તા. ૧૦

ખેડબ્રહ્મામાં શ્યામનગર ખાતે વિશ્વકર્મા ધામમાં ગુરૂવારના રોજ ધામધૂમથી વિશ્વકર્મા ભગવાનની જન્મ જયંતિ તથા પાટોત્સવ ઉજવવામાં આવ્યો હતો. શ્રી વડાલી સત્તાવીસ સુથાર સમાજ સંચાલીત વિશ્વકર્મા ધામ ખાતે વિશ્વકર્મા ભગવાનના મંદિર પાટોત્સવના યજમાન મિસ્ત્રી રંજનબેન શૈલેષકુમાર, ચામુંડા માતાના પાટોત્સવના યજમાન કમલેશભાઈ નરોત્તમભાઈ સુથાર, શનિદેવના પાટોત્સવ યજમાન સવિતાબેન લલીતભાઈ સુથાર, રાંદલ માતાના યજમાન જીજ્ઞીશાબેન જતીનકુમાર સુથાર તથા ત્રણેય મંદિર ધ્વજા આરોહણના યજમાન સુરેખાબેન નટવરભાઈ સુથાર, રાકેશકુમાર જયેન્દ્રભાઈ સુથાર, ધુળાભાઈ મોતીભાઈ સુથારે ધર્મલાભ લીધો હતો.

પાટોત્સવ અને ભગવાનની મહાપૂજા ભરતભાઈ જે. જોષીએ કરાવી હતી. મહોત્સવને સફળ



બનાવવા સમાજના પ્રમુખ પરસોત્તમભાઈ સુથાર, ઉપપ્રમુખ કાન્તીભાઈ સુથાર તથા શંકરભાઈ, મહેન્દ્રભાઈ, અશ્વિનભાઈ સહીતના સમાજના લોકોએ જહેમત ઉઠાવી હતી. જેમા મોટી સંખ્યામાં સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# તલોદ-પ્રાંતિજ તાલુકામાં વિશ્વકર્મા જયંતિ ઉજવાઈ

તલોદ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના તલોદ અને પ્રાંતિજ તાલુકાઓમાં આજે ભગવાનશ્રી વિશ્વકર્મા ભગવાનની જન્મજયંતિ ભારે શ્રદ્ધા-ભક્તિભાવ પૂર્વક ઉજવવામાં આવી હતી. અહીં નવનિર્માણ સાથે સંકળાયેલા સમાજના પરિવારોએ પોતાના ઈષ્ટદેવ એવા શ્રી વિશ્વકર્મા ભગવાનનુ દર્શન પૂજન-અર્ચન કરીને ધન્યતા અનુભવી હતી.

તલોદ ખાતે શ્રી વિશ્વકર્મા જયંતિની ઉજવણી પશુ દવાખાના કેમ્પસમાં આવેલા નગરપાલિકા કોમ્પ્યુનિટિ હોલ ખાતે કરવામાં આવી હતી. તે જ રીતે પ્રાંતિજ ખાતે નાની ભાગોળ વિસ્તારમાં આવેલ શ્રી વિશ્વકર્મા મંદિર ખાતે આ જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. અહીં આ પ્રસંગે ૨૨મા અમૃત મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વૈશ્ય, સુથાર, સથવારા અને કડિયા સમાજ સહિતના ભાવિક પરિવારો જોડાયા હતા.

તલોદ ખાતે ઉજવણીમાં પણ પૂજન, હવન, મહાઆરતી વગેરેનું આયોજન કરવામાં આવ્યુ હતુ. અહીં મહાસુદ ૧૩ની પૂર્વ રાત્રીએ ભગવાનશ્રી વિશ્વકર્માના જીવન ચરિત્ર પર બનાવેલ એક ફિલ્મ બતાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું. તલોદ શહેર ખાતે શ્રી વિશ્વકર્મા ભગવાનના મંદિરના નિર્માણ માટે જમીનનું દાન આપવાની જાહેરાત મિસ્ત્રી કોર્પોરેશન તરફથી કરવામાં આવી હતી. જેને વિશ્વકર્માના વંશજોએ આવકારદાયક લેખી હતી. તલોદ, જવાનપુરા અને સીમલીયામાં સહકારી બેન્ક અને ગ્રામ પંચાયતમાં ચૂંટાયેલા વિશ્વકર્માના પરિવારના હોદ્દેદારોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

## ખેડબ્રહ્મામા પૂનમ નિમિત્તે ભક્તો ઉમટ્યા

ખેડબ્રહ્મા અંબિકા માતાજી મંદિર ખાતે શુક્રવારના રોજ પૂનમ ઉજવવામાં આવી હતી. પૂનમે દર માસે દર્શન કરવા આવતા માઈ ભક્તો વહેલી સવારથી જ ઉમટી પડ્યા હતા. ભક્તો માના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.



## ખેડબ્રહ્મા રૂદ્રમાળામાં રૂદ્રેશ્વર મહાદેવનો તૃતિય પાટોત્સવ

ખેડબ્રહ્મા તાલુકાના રૂદ્રમાળા ગામે શુક્રવારના રોજ ધામધૂમથી રૂદ્રેશ્વર મહાદેવ મંદિરનો ત્રીજો પાટોત્સવ ઉજવવામાં આવ્યો હતો. રૂદ્રેશ્વર મહાદેવ મંદિરના ત્રીજા પાટોત્સવમાં મુખ્ય યજમાન અને ભોજન દાતા તરીકે સ્વ. ઠા.સા. ભવાનસિંહ હિંમતસિંહ વાઘેલા પરિવારે લાભ લીધો હતો. તેમની સાથે વિરભદ્રસિંહ અભેસિંહ વાઘેલા, પટેલ જશુભાઈ લાલાભાઈ, પટેલ નરેશભાઈ પ્રભુભાઈ તથા સુથાર ભરતભાઈ અમૃતભાઈએ ધર્મ લાભ લીધો હતો. પાટોત્સવની મહાપૂજા મટોડાના શાસ્ત્રી દિવ્યેશભાઈએ કરાવી હતી. પાટોત્સવ બાદ મંદિર પરિસરમાં વિરબાવજી ભજન મંડળ નાદરી દ્વારા ભજન સત્સંગ કરવામાં આવ્યો હતો. પાટોત્સવમાં રૂદ્રમાળા તથા આજુબાજુના ગામના લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. પાટોત્સવને સફળ બનાવવા રૂદ્રમાળાના ગ્રામજનોએ જહેમત ઉઠાવી હતી.

# અરવલ્લી જીલ્લા સહકારી અગ્રણી આઈ.એ.ટી.એમ.માં વરાયા



અરવલ્લી જીલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલ, મોટી ઈસરોલવાળાની ઈન્ટરનેશનલ એન્ટી ટેરેરીઝમ મુવમેન્ટ (આઈ.એ.ટી.એમ.દિલ્હી)ના અરવલ્લી જીલ્લા અધ્યક્ષ પદે વરણી કરાતાં આનંદની લાગણી પ્રસરી છે.

# પ્રાંતિજમાં રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની ઉજવણી કરાઈ

## ૧ વર્ષ થી ૧૯વર્ષ સુધીના બાળકોને આવરી લેવામાં આવશે : ૩૯૧૮૯ બાળકોને આવરી લેવામાં આવશે

પ્રાંતિજ તા.૧૦

સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ ખાતે પણ ભારત સરકાર દ્વારા તા.૧૦મી ફેબ્રુઆરી ૨૦૧૭ના રોજ રાષ્ટ્રીય કુમિનાશક દિવસ તરીકે ઉજવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવેલ છે તેના ભાંગરૂપે પ્રાંતિજ સહિત તાલુકામાં આવેલ આંગણવાડી કેન્દ્રો, પ્રાથમિક શાળાઓ અને માધ્યમિક શાળાઓમાં ૧ વર્ષ થી ૧૯ વર્ષ સુધીના તમામ બાળકોને કુમિનાશક ગોળી આપવાનું અભિયાન હાથધરવામાં આવ્યું છે અને તાલુકામાં કુલ ૩૯૧૮૯ બાળકોને ૧૦ મી ફેબ્રુઆરીના રોજ કોઈપણ કારણોસર બાકી રહી ગયેલ બાળકો ને ૧૫મી ફેબ્રુઆરી ના રોજ મોપઆપ રાઉન્ડ દરમ્યાન આવરી લઈને ૧૦૦ ટકા સિધ્ધિ હાંસલ કરવામાં આવશે આ અભિયાનમાં ડાં.મનીષ ફેન્સી, મુખ્ય જિલ્લા અધિકારીના સીધાં માર્ગદર્શન હેઠળ શિક્ષણ આઈ.સી.ડી અને આરોગ્ય વિભાગ દ્વારા તાલુકા હેલ્થ ઓફિસર ડાં.ગૌતમ નાયકની સમગ્ર ટીમ ભારે જહેમત ઉઠાવી અભિયાનને સંપૂર્ણ સફળ બનાવવામાં આવશે.





## ખેડબ્રહ્મા ઠાકોર સેના દ્વારા રેલી યોજી આવેદનપત્ર અપાયુ

ખેડબ્રહ્મામાં મંગળવારના રોજ ક્ષત્રીય ઠાકોર સેના ખેડબ્રહ્મા તાલુકા દ્વારા શહેરમાં રેલી યોજી દારૂબંધી માટે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા શહેરના બસ સ્ટેશન વિસ્તારથી બાઈક રેલી યોજી તાલુકાના પાદરડી, રૂદ્રમાળા, વાસણા, નીચીધનાલ, ગાડુ, ગોતા, શ્યામનગર, વાલરણ, પરોયા, નાકા વિગેરે ગામોમા ફરી દારૂબંધી માટે આહવાન કરવામાં આવ્યુ હતુ. ત્યારબાદ ખેડબ્રહ્મા ખાતે પ્રાંત ઓફીસ, પોલીસ સ્ટેશને આવેદનપત્ર આપી જણાવવામાં આવ્યુ હતુ કે ગુજરાત સરકાર દ્વારા દારૂબંધીનો કડક અમલ કરાવી રહ્યા છે ત્યારે તાલુકાના લક્ષ્મીપુરા, ગલોડીયા, રાધીવાડ, ઉંચીધનાલ, ચિખલી જેવા બીજા અન્ય ગામો સહિત શહેરમાં દેશી તેમજ અંગ્રેજી દારૂ જેવા માદક તત્વોનું ધૂમ વેચાણ થાય છે. જેથી દારૂબંધીના કાયદાનું ઉલ્લંઘન થઈ રહ્યુ છે. જેથી ઠાકોર સેના દ્વારા દિન ૧૦માં દારૂનુ વેચાણ સદંતર બંધ કરવા ઉગ્ર પગલા લેવાની માંગણી કરી હતી.